## વંચિતોના વિકાસમાં અગ્રેસર ગુજરાત
## વંચિત પરિવારોના મુખ ઉપર આવી વિકાસની મુસ્કાન...



રાજ્યના દરેક વર્ગના લોકો જ્યારે વિકાસના મુખ્ય પ્રવાહમાં ભળે અને વિકાસના લાભ જ્યારે છેવાડાના પરિવારો સુધી પહોંચે ત્યારે જ એ સાચો અને વિકાસ સમતુલિત કહેવાય. અને આવો વિકાસ જ બદલાતા સમયની વચ્ચે પણ સાતત્યપૂર્ણ રીતે ટકી શકે. આથી જ, સર્વાંગી વિકાસને વરેલી ગુજરાતની ગતિશીલ સરકાર દલિત અને અન્ય પછાત વર્ગો, આર્થિક રીતે નબળા વર્ગો તેમજ મહિલાઓના વિકાસ માટેની યોજનાઓને વિશેષ વેગ આપી રહી છે. છેલ્લા પંદરેક વર્ષમાં આ દિશામાં થયેલા આયોજનબદ્ધ પ્રયાસોને લીધે ગરીબો, વંચિતો અને મહિલાઓની સ્થિતિ સુધરી છે.


રાજ્યના ગરીબોને અનાજ પૂરું પાડવા ના હેતુ થી રાજ્ય સરકારે "મા અન્નપૂર્ણા યોજના" શરૂ કરી છે. આ યોજનાનો લાભ રાજ્યના ૩.૮૨ કરોડ નાગરિકોને મળશે. ગરીબનો હક તેને મળે તે માટે ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી રાજ્ય સરકાર દ્વારા આઠમાં ચરણના ગરીબ કલ્યાણ મેળામાં ૧.૦૨ કરોડ લાભાર્થીઓને રૂા. ૨૪,૨૯૬ કરોડની વિવિધ સહાય આપવામાં આવી છે. અનુસૂચિત જાતિ માટે અત્યંત મહત્ત્વના એવા ક્રિમિલેયર સર્ટિફિકેટની માન્યતા રાજ્ય સરકારે ૧ વર્ષ થી વધારીને ૩ વર્ષ સુધી માન્ય રાખી છે.

અનેકવિધ કાર્યક્રમોનું સુનિશ્ચિત આયોજન કરી અને સમયમર્યાદામાં આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજ્ય સરકારે 'વનબંધુ યોજના' અમલી બનાવી છે. જેના માટે વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ માટે ૪૦,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ગુજરાતમાં વન અધિકાર પહેલાં કુલ ૩૪,૨૪૮ વ્યકિતઓને ૫૧,૮૯૯ એકર જમીન આપવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૦૬ થી વન અધિકારનો કાયદો અમલમાં આવતાં ૭૫,૪૫૭ આદિવાસી કુટુંબોને જંગલની જમીન ખેડવાના અધિકારો રાજ્ય સરકારે આપીને ૧,૧૦,૯૭૩ એકર જમીન માન્ય કરવામાં આવી છે અને તે અંગેના અધિકાર પત્રો આપી દેવામાં આવ્યા છે. ૪,૫૯૭ જેટલા સામુહિક દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે તેમજ ૧૦,૮૧,૫૮૩ એકર જમીન માન્ય કરવામાં આવી છે.

આદિજાતિના યુવાનો સ્વનિર્ભર બને, તેમને રોજગાર મળે તે સરકારે સુનિશ્ચિત કર્યું છે. અનેકવિધ યોજનાઓ દ્વારા અંબાજી થી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટામાં લોકોની પરિસ્થિતિમાં સુધાર સરકાર લાવી શકી છે. આનંદીબહેન પટેલ જ્યારે પણ આદિવાસી વિસ્તારમાં મુલાકાતે જાય છે ત્યારે અચૂક વન મંડળીની બહેનોસાથે મુલાકાત કરેછેઅને તેમની સમસ્યાઓનુંનિવારણલાવેછે.

વનવાસી ગામોને પણ બધીજ સુવિધાઓ મળે તે માટે ગતિશીલ સરકારે વનવાસી ગામોને મહેસૂલી ગામોમાં તબદીલ કરવાનો એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે જે પ્રમાણે ૧૯૬ વન વસાહતી ગામોને મહેસૂલી ગામનો દરજ્જો મળશે. રાજ્યના વનબંધુ આદિજાતિઓના વિકાસ માટેનો મહાયજ્ઞ શરૂ કર્યો છે. આ દિશામાં વાસ્તવિક અને નક્કર પરિણામો મળી રહે તેવો આપણો સંકલ્પ છે.

## ખેડૂતોના મુખ ઉપર ખુશીઓની ચમક, ખેતરે ખેતરે લહેરાઈ હરિયાળી ક્રાંતિ



ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૫થી રાજ્ય વ્યાપી કૃષિ મહોત્સવની શરૂઆત કરી હતી. લેબ ટુ લેન્ડ એપ્રોચ દ્વારા કૃષિ વૈજ્ઞાનિકોએ પ્રયોગ શાળામાં કરેલાં પ્રયોગો કિસાનોને સમજાવ્યા અને કિસાનોને સાયન્ટીફિક ખેતીનું મહત્વ સમજાવ્યું. કિસાનોને નવી પદ્ધતિઓ નવા યંત્ર વિશેની સમજ આપવામાં આવી. સમય જતાં આ કૃષિ મહોત્સવ કિસાનો માટે ઓપન યુનિવર્સિટી બની ગયાં છે.

આ કૃષિ મહોત્સવના પરિણામે ગુજરાત રાજ્યમાં બીજી હરિત ક્રાંતિ સર્જાઇ છે. ગુજરાતનો કિસાન આજે પહેલાં એક પાક લેતો હતો તે હવે બે પાક લેતો થયો છે. સૂકા ગણાતાં ગુજરાત પ્રદેશે છેલ્લા દશકમાં ૧૦% સરેરાશ કૃષિ વિકાસ દર જાળવી રાખ્યો છે.

ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી પોતે એક કિસાનપુત્રી હોવાના નાતે કિસાનોની સમસ્યાઓને અને મુશ્કેલીઓ ખૂબ સારી રીતે જાણે છે. તેમણે રવી સિઝનમાં ખેડૂતોને માર્ગદર્શન મળી શકે તે હેતુથી વર્ષ ૨૦૧૪થી રવી કૃષિ મહોત્સવની શરૂઆત કરી છે. તેઓએ હાલમાં જ ગુજરાતના કિસાનોને માટે ખૂબ જ મહત્વની એવી કૃષિ વ્યવસાય નીતિ જાહેર કરી છે. આ વ્યવસાય નીતિના પરિણામે હવે એગ્રી આધારિત ઉદ્યોગેને પ્રોત્સાહન મળશે.

ગુજરાતનો કિસાન હવે ગ્લોબલ કિસાન બની શકશે. ગુજરાત એરપોર્ટ પર મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ દ્વારા સેન્ટર ફોર પેરીશેબલ કાર્ગો શરૂ કરાયા છે. જેથી હવે ગુજરાતના એક્ષપોર્ટ માટે મુંબઇ કે દિલ્હી સુધી જવું નહીં પડે.

આપણે ગત બે વર્ષ પર નજર નાખીએ તો ખ્યાલ આવે છે કે, ગુજરાત સરકારે કિસાનો માટે અનેકવિધ મહત્વના પગલાં લીધાં છે. માત્ર રવી કૃષિ મહોત્સવમાં કિસાનોને ૧૫૯ કરોડની સહાય આપવામાં આવી છે અને ૫.૨૩ લાખ કિસાનોને તેનો લાભ મળ્યો છે. કિસાનો માટે શરૂ કરવામાં આવેલાં આઇ-ખેડૂત પોર્ટલ પર ૧૬.૯૮ લાખ કિસાનોએ નોંધણી કરી છે. ખેડૂતોને ખરીફ પાક માટે **રાજ્ય સરકાર ૩ લાખ સુધીનું કૃષિ ધિરાણ માત્ર ૧%ના દરે** આપે છે. જેનો લાભ રાજ્યના ૩૮ લાખ કિસાનોને થશે. પ્રધાનમંત્રી પાક વિમા યોજના માટે રૂા.૪૯૫ની માતબર રકમ રાજ્ય સરકારે બજેટમાં ફાળવી છે જેના કારણે ખરીફ પાકમાં માત્ર ૨% તથા રવી પાકમાં ૧.૫%ના દરે કુદરતી આફતો સામે રક્ષણ મળશે. ગુજરાત રાજ્યએ જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે જૈવિક નીતિ ૨૦૧૫ બનાવી છે. જેમાં કિસાનોને ૫૦૦૦ રૂપિયા પ્રતિ હેક્ટર સહાય આપવામાં આવે છે. બાવળા ખાતે રાજ્ય સરકારે વેરીફિકેશન પ્લાન્ટ શરૂ કર્યો છે. જેમાં પ્રોસેસ થયેલી કૃષિ પેદાશ લાંબો સમય સાચવી શકાય છે. પ્રાંતિજ તાલુકાના (વછરાડ) ખાતે ઇઝરાયેલની અદ્યતન ટેકનોલોજી અને માર્ગદર્શન આધારિત સેન્ટર ઓફ એક્સેલન્સ શરૂ કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય સરકારે કિસાનોને સતત વીજ પુરવઠો મળે તે માટે ખુશી યોજના જાહેર કરી છે અને ૧ લાખ કૃષિ વીજ જોડાણ આપવાનું સરકારનું લક્ષ્ય છે.



## સિંચાઇનું સઘન આયોજન વિકાસ સાથે પ્રગતિનું સંયોજન

ગુજરાતની ગતિશીલ સરકારે કૃષિને પ્રાધાન્ય આપ્યું સાથે સાથે સિંચાઇ દ્વારા કિસાનોના ખેતરે ખેતરે પાણી પહોંચે તેની પણ દરકાર કરી છે. કૃષિ માટે ખૂબ જરૂરી તેવી સિંચાઈ વ્યવસ્થા વધારવા માટે રૂપિયા ૧૪૦૦૦ કરોડથી વધુ રકમનું આયોજન આ વર્ષના બજેટમાં કરવામાં આવ્યું છે. ગુજરાત માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી સરદાર સરોવર યોજનાને પૂર્ણ કરવા માટે નર્મદા ડેમ પર દરવાજા મૂકવાના અટકેલા કામને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી બનતાની સાથે જ મંજૂરી આપી દીધી હતી. આ વાતની જાણ થતા જ ગુજરાતના ગતિશીલ મુખ્યમંત્રી તરત જ નર્મદાબંધ સ્થળે પહોંચી ગયા હતા અને દરવાજાનું કામ શરૂ કરાવ્યું હતુ. આજે ૧૨ દરવાજાનું કામ પૂર્ણ થયું છે. ગુજરાતના મુખ્યમંત્રી સમયાંતરે કામનો રીવ્યુ કરે છે અને કામ સમયસર પૂર્ણ થાય તે માટે સતત પ્રયત્નો કરી રહ્યાં છે. ઉત્તર ગુજરાતના જિલ્લાઓને સિંચાઇનુ પાણી મળે તે માટે ગુજરાતની ગતિશીલ સરકારે સુજલામ સુફલામ યોજના દ્વારા ૩૩૨ કિ.મી. ની નહેરો બનાવી છે, જેનો લાભ ૭૦,૦૦૦થી વધુ ખેડૂતોને થયો છે. સૌરાષ્ટ્ર વિસ્તાર માટે આશીર્વાદરૂપ એવી સૌની જીવાદોરી સમાન યોજના સરકારે શરૂ કરી. નર્મદાના પૂરનું વહી જતુ પાણી ધોળીધજા ડેમ સુરેન્દ્રનગર સુધી લાવીને સૌરાષ્ટ્રના ૭ જિલ્લાના ૧૧૫ જળાશયો દ્વારા ૧૧૨૬ કિ.મી. લાંબી ચાર જોડાયેલ કેનાલમાં લાવવામાં આવશે જેથી ૧૦,૨૨,૫૯૨ એકર જમીનને સિંચાઇનો લાભ મળશે. આ બધા પ્રયત્નોના પરિણામે છેલ્લા ૨ વર્ષમાં સિંચાઇ કમાન્ડ એરિયામાં ૩,૬૪,૭૯૨ હેક્ટરનો વધારો થયો છે અને સિંચાઇ માટે ૨,૦૯,૫૬૭ નવા કૃષિ વીજ જોડણો રાજ્ય સરકારે આપ્યા છે. રાજ્યમાં સિંચાઇના મર્યાદિત સ્ત્રોતોને ધ્યાનમાં રાખીને ગુજરાતની ગતિશીલ સરકારે ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીની શરૂઆત કરી તેના દ્વારા સુક્ષ્મ સિંચાઇને પ્રોત્સાહન આપ્યું છે. ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી પોતાના કિસાનભાઈઓને કૃષિ મહોત્સવમાં ડ્રીપ ઈરિગેશન અપનાવવા અચૂક અપીલ કરે છે અને કહે છે જમીન વધવાની નથી, આપણે ઉત્પાદકતા વધારવી પડશે માટે ડ્રીપ ઈરિગેશન અપનાવો. આ અપીલના પરિણામે રાજ્યમાં ગત બે વર્ષમાં ૪,૦૨,૭૭૩ હેક્ટર વિસ્તારમાં ૨,૫૧,૫૬૮ કિસાનોએ સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ અપનાવી અને આ માટે ગુજરાત સરકારે ૧,૩૮૫ કરોડની સબસિડી ખેડૂતોને આપી છે.



## ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને દાહોદ બનશે 'સ્માર્ટ સીટી'

શહેરીકરણને ગુજરાત સરકારે વિકાસના એક અવસર તરીકે સ્વીકારીને દેશ માટે નમૂના રૂપ શહેરી વિકાસ સાધ્યો છે. શહેરી વિકાસમાં માત્ર મોટા શહેરો જ નહિ પરંતુ નગરપાલિકાઓ ઉપર પણ સરકારેપૂરતુંધ્યાનકેન્દ્રિતકર્યુંછે.

મૂળભૂત માળખાકિય સગવડો માટેની યોજનાઓ જેમકે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને અનુદાન માટેની મુખ્યમંત્રીશ્રી સુવર્ણ જયંતિ કાર્યક્રમ, સ્વચ્છતા મિશન, મુખ્યમંત્રીગૃહ યોજના, મેટ્રો રેલ, શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના, નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન, સ્માર્ટસિટી અને રિંગ રોડ વગેરે યોજનાઓ અંતર્ગત કામગીરી પૂર્ણ કરવાની ગતિશીલ સરકારની સંકલ્પબદ્ધતા છે. આ વર્ષે શહેરી વિકાસ વિભાગના પ્લાન બજેટના રૂા. ૭૨૫૦ કરોડ પૈકી કુલ રૂા. ૨૯૦૦ કરોડના વિકાસ કાર્યો માટે વર્ષની શરૂઆતમાં જ ચેક આપવની નવી પ્રથા શરૂ કરી છે જેથી નગરપાલિકાઓમાં ગ્રાંટના આભાવે વિકાસ અટકે નહી. રાજ્યના શહેરોના સર્વાંગી વિકાસ માટે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯થી ૨૦૧૭ સુધીમાં કુલ રૂા. ૨૨,૦૦૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના શહેરોમાં સ્ટ્રીટ લાઈટને પી.પી.પી. મોડલ ધોરણે એલઈડી લાઈટનો અભિગમરાજ્યસરકારેહાથધર્યોછે.

કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં સ્માર્ટ સિટી વિકસાવવાની શરૂઆત કરવામાં આવી છે જેમાં ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને દાહોદનો સમાવેશ કરવામાં આવ્યો છે. અમૃત મિશન હેઠળ ગુજરાતની ૮ મહાનગરપાલિકા અને ૨૩ નગરપાલિકાઓની પસંદગી કરવામાં આવીછે.

તાજેતરમાં પ્રકાશિત થયેલા રીપોર્ટ મુજબ મહાત્મા ગાંધી શહેરી સ્વચ્છતા મિશન અંતર્ગત ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ છે. દેશમાં બનેલા કુલ ૧૩.૨૬ લાખ શૌચાલયો પૈકી ૩૦% એટલે કે ૪.૯૭ લાખ માત્ર ગુજરાતમાં બન્યાં છે.

શહેરીજનોને ઝુંપડપટ્ટી મુક્ત બનાવવા તેમજ શહેરી ગરીબ અને મધ્યમ વર્ગના લાભાર્થીઓને વાજબી કિંમતે આવાસો પૂરા પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં જુદા જુદા શહેરોમાં કોર્પોરેશનો, ઓથોરીટીઓ તેમજ નગરપાલિકાઓની વિવિધ આવાસ યોજના હેઠળ ૩,૫૧,૫૦૦ જેટલા આવાસો માટેના કુલ ૭૦૮ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા છે. જે પૈકી ૧,૩૭,૦૯૯ જેટલા આવાસોની કામગીરી પુર્ણ કરી ૩૯% જેટલી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેમજ ૧,૫૦,૩૦૮ જેટલા આવાસોની ફાળવણી કરી છે. તદ્ઉપરાંત ૧,૫૦,૯૬૨ જેટલા આવાસો હાલ રાજ્યના મોટા ભાગના નગરોમાં પ્રગતિ હેઠળ છે. જે આગામી વર્ષ ૨૦૧૭ સુધીમાં તબક્કા વાર પૂર્ણ કરવાનું આયોજન છે.



## તંદુરસ્ત રહે સદા ગુજરાત, આગળ ધપે સર્વદા ગુજરાત

ગુજરાતનો છે મંત્ર, રાજ્યના પ્રત્યેક નાગરિકને મળે આરોગ્યનું છત્ર

**ગુજરાત સરકારે રાજ્યના નાગરિકોને ગંભીર બીમારીઓમાં સ્વાસ્થ્ય કવચ પૂરું પાડવાના આશય સાથે મુખ્યમંત્રી અમૃતમ્ - 'મા' અને મુખ્યમંત્રી અમૃતમ્ - 'મા વાત્સલ્ય' યોજનાઓ શરૂ કરી છે**



નાગરિકોને ગંભીર બીમારીઓમાં સ્વાસ્થ્ય કવચ પૂરું પાડવાનો આશય : લાભાર્થીઓને ગંભીર પ્રકારની બીમારીઓમાં કેશલેસ સારવાર, એક ઉત્તમ પ્રકારની ગુણવત્તાસભર તબીબી સારવાર અને ઊંચા તબીબી ખર્ચ સામે નાણાંકીય સુરક્ષા મળી રહે તે માટે ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા અંદાજે ૪૧.૪૭ લાખ કુટુંબો માટે મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજના સપ્ટેમ્બર-૨૦૧૨થી અમલમાં મૂકી હતી. તેઓ નજીકના કોઇ પણ સરકારી આરોગ્ય કેન્દ્ર ખાતેથી મા કાર્ડ કઢાવી શકે છે. માન્ય હોસ્પિટલમાં આ કાર્ડ પર ગંભીર રોગોમાં બી.પી.એલ. પરિવારને સરકાર દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે. એપ્રિલ ૨૦૧૬ સુધીમાં 'મા' યોજના અંતર્ગત ૨૨,૩૭,૫૮૧ લોકો નોંધાયા છે, જેમાં ૧ લાખથી વધુ લાભાર્થીઓને લગભગ ૧૫૯.૬૫ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે.

યોજનાની સફળતાને ધ્યાને લઇ રાજ્ય સરકારે મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજનાનો વ્યાપ વધારી વર્ષ ૨૦૧૪-૧૫માં વાર્ષિક રૂા. ૧.૨૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારો (કુટુંબના મહત્તમ પાંચ વ્યક્તિ સુધી) માટે મુખ્યમંત્રી અમૃતમ્ મા વાત્સલ્ય યોજના ૧૫ ઓગસ્ટ-૨૦૧૫થી અમલમાં મૂકી છે. એપ્રિલ ૨૦૧૬ સુધીમાં 'મા' વાત્સલ્ય યોજના અંતર્ગત ૧૧,૪૬,૨૩૦ લોકો નોંધાયા છે, જેમાં ૧,૧૫,૫૫૮ લાભાર્થીઓને લગભગ ૧૭૭.૨૨ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે.

ગુજરાતના ગરીબ પરિવારો માટે આ બંને યોજના તેના નામ પ્રમાણે તકલીફના સમયમાં મા વાત્સલ્ય પૂરું પાડતી હોય તેવી સાબિત થઈ છે.

## સ્વચ્છ, સમૃદ્ધ અને સુવિધાપૂર્ણ બને પ્રત્યેક ગામ

### પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ માટે રૂા.૬૭૨૯.૪૨ કરોડ રૂપિયાની ફાળવણી

ગાંધીજીએ કહ્યું હતું કે, ભારત દેશનો આત્મા તેના ગામડાં છે. ગામડામાં જન્મેલા ગુજરાતના મુખ્યમંત્રી આ બાબત ખૂબ સારી રીતે જાણે છે માટે જ તેમણે ગ્રામ વિકાસને ખૂબ પ્રાધાન્ય આપ્યું છે. આ વર્ષના બજેટમાં પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ માટે ૬૭૨૯.૪૨ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. ગુજરાતની ગતિશીલ સરકારે ગામડાઓમાં વિકાસના મીઠા ફળો પહોંચે, શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ પહોંચે, માળખાકીય સુવિધાઓ મળે તે માટે ઘણા પ્રયત્નો કર્યાછે.



ગુજરાત પોતાના સુદ્રઢ અને ગુણવત્તાયુક્ત રોડ નેટવર્ક માટે સમગ્ર દેશમાં જાણીતું છે. હવે ગ્રામ્ય વિસ્તારમાં આ નેટવર્કને વધુ મજબૂત કરવાના આશયથી રાજ્યના ૧૮૦૦૦ જેટલા ગામો તથા ૧૬૨૪૫ જેટલા પરાને ઉત્તમ ગુણવત્તાના અને બારમાસી કનેક્ટિવીટી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી સરકારે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના નામની મહત્વાકાંક્ષી યોજના જાહેર કરી છે.

ગુડ ગર્વનન્સને વરેલી ગતિશીલ સરકારે ગુજરાતના ગામોમાં ઉત્તમ નમૂનારૂપ વિકાસના એક નવો આયામ પ્રસ્થાપિત કરવા માંગે છે. પ્રથમ વર્ષે રાજ્યના લગભગ ૩૦૦ ગામોને સ્માર્ટ વિલેજ તરીકે વિકસીત કરવામાં આવશે. ગુજરાતના ગામોને સ્વાવલંબિત, સ્વચ્છ અને સ્વસ્થ, ગુન્હા મુક્ત, રોગ મુક્ત, સમરસ, આર્થિક રીતે સશક્ત બનાવવાનું શ્રીમતી આનંદીબહેન પટેલનું ધ્યેય છે. આ માટે ગામોની પસંદગી સ્વતંત્ર અને પારદર્શક સ્પર્ધા દ્વારા કરવામાં આવશે. દરેક સ્માર્ટ વિલેજને ત્રણ વર્ષ માટે રાજ્ય સરકાર તરફથી વિશેષ સહાય પૂરી પાડવામાં આવશે.



ગ્રામ્ય વિસ્તારના ગરીબોને આવાસ આપવા માટે ઇન્દિરા આવાસ યોજના હેઠળ ૨૦,૪૧૬ ગરીબ કુટુંબોને આવાસ પૂરા પાડવાનું લક્ષ્ય છે. છેલ્લા દાયકામાં વિવિધ યોજનાઓ હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં ૨૧ લાખ થી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

સ્વચ્છતા મિશન અંતર્ગત ગ્રામિણ વિસ્તારમાં ૧૨,૫૮,૪૮૬ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ૬૧૦૦ ગ્રામ પંચાયતોમાં ૧૦૦% શૌચાલયોનું નિર્માણ થયું છે. ગ્રામ વિકાસ દ્વારા ગુજરાતના વિકાસને ધબકતું રાખવા માટે શ્રીમતી આનંદીબહેન પટેલની ગતિશીલ સરકાર સતત કાર્યરત છે.

## રાજ્યના તમામ તાલુકાઓમાં એક કોલેજ સ્થાપવાનો ગતિશીલ નિર્ધાર

બાળકો એ સમાજ અને દેશનું ભવિષ્ય છે. બાળકોની કેળવણીનું મહત્વ એક શિક્ષકથી વધારે કોણ સમજે ? ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને પહેલા એક શિક્ષક અને પછી શિક્ષણમંત્રી તરીકે લાંબો સમય જવાબદારી નિભાવી છે. તેઓ બાળકો માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે ખૂબજ જાગૃત છે.

બાળકોમાં રહેલી આંતરિક શક્તિઓ ખીલે, બાળકોની કલાને પ્રોત્સાહન મળે તે માટે તેમણે અનેક નવા કાર્યક્રમો જેવા કે બાળ કવિ સંમેલન અને બાળ ચિત્ર સ્પર્ધા જેવા કાર્યક્રમોની રાજ્ય વ્યાપી શરૂઆત કરી છે. નવા સમય સાથે કદમ મિલાવતી ૨૨૦૦ જેટલી શાળાઓમાં સ્માર્ટ ઇ-લર્નિંગ સુવિધાનો પ્રારંભ કર્યો છે. લર્ન ટુ સર્વના સૂત્ર સાથે સ્ટુડન્ટ પોલિસ કેડેટ કાર્યક્રમ શરૂ કર્યો છે જેમાં ૧ લાખથી વધુ બાળકોની બાળ સેના બનાવવામાં આવી છે. સીમાવર્તી જિલ્લાઓ માટે બાલ સીમા પ્રહરી યોજના શરૂ કરી છે. ખેલ મહાકુંભના માધ્યમથી બાળકોમાં સ્પોર્ટસ કલ્ચર ખીલે તે માટેના પ્રયત્નો કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકારે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ દ્વારા પ્રાથમિક શાળાઓમાં ૧૦૦% નામાંકનની સિદ્ધિ પ્રાપ્ત કરી છે. રાજ્યમાં છેલ્લા દશકમાં એન્જિનિયરિંગની ૫૫૧% જેટલી અને મેડિકલની બેઠકોમાં ૪૦૪%નો વધારો કર્યો છે. રાજ્યમાં સ્પેશ્યલાઇઝડ યુનિવર્સિટીઝ જેવીકે પી.ડી.પી.યુ., ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, લો યુનિવર્સિટી વગેરે જેવી સ્પેશ્યલાઇઝડ યુનિવર્સિટી શરૂ કરવામાં આવી છે. રાજ્યના તમામ તાલુકાઓમાં એક કોલેજ હોય તેવો સરકારનો ગતિશીલ નિર્ધાર છે.



## ગુજરાતની મહિલાઓ અને બાળકોના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સશક્તિકરણની દિશામાં નક્કર પગલાં...

ગુજરાતની ગતિશીલ સરકારે મહિલાઓના મહાત્મ્યને ગૌરવવંતુ રાખ્યું છે. શ્રી નરેન્દ્રભાઈ મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે મહિલાઓને સમાજમાં આગળ આવવા અપીલ કરી હતી અને મહિલા સરપંચોનું સન્માન કર્યું હતું. પાણી સમિતિમાં વધારે મહિલાઓ રહે તેવો તેમનો આગ્રહ હતો. હાલના આપણા શ્રીમતી આનંદીબહેન રાજ્યના પહેલા મહિલા મુખ્યમંત્રીની સાથે સાથે સમગ્ર દેશમાં મહિલા સશક્તિકરણના હિમાયતી તરીકે ઓળખાય છે. તેમણે સ્વાસ્થ્ય, સશક્તિકરણ અને સલામતીના સ્તંભ પર મહિલા વિકાસ આદર્યો છે. શ્રીમતી આનંદીબહેન કહે છે કે, જ્યારે પરિવારમાં એક મહિલાને ગંભીર બીમારી થાય છે ત્યારે તે આખો પરિવાર વેરવિખેર થઈ જાય છે. કેન્સર એક એવી બીમારી છે જેની ખબર પડે છે ત્યારે ખૂબ મોડું થઈ ગયું હોય છે. મહિલાઓમાં જોવા મળતા બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સર જેવી ગંભીર બીમારીઓનું રાજ્યવ્યાપી ચકાસણી અભિયાન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનના નિર્દેશ અનુસાર સમગ્ર રાજ્યમાં શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં ૮૯,૬૯,૪૬૮ મહિલાઓનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે, જેમાંથી ૮૪૯ મહિલાઓને બ્રેસ્ટ કેન્સર, ૩૦૩ મહિલાઓને સર્વાઈકલ કેન્સર હોવાનું તારણ આવ્યું છે અને સરકાર તેમની વિનામૂલ્યે સારવાર કરી રહી છે. કેન્સર જેવી જ બીજી બીમારી છે ડાયાબિટીસ અને બ્લડપ્રેશર , જે બીજા ઘણા રોગોનું મૂળ છે. માતૃ હૃદયા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના વિઝનના પરિણામે રાજ્ય વ્યાપી ડાયાબિટીસ અને બ્લડપ્રેશર સ્ક્રીનિંગ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૧,૬૨,૯૫૫૯ લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યુ છે અને ૨,૯૨,૪૬૬ લોકોને ડાયાબિટીસ હોવાનું તારણ આવ્યું છે. રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની ૫૭૫ જેટલી દવાઓ વિનામૂલ્યે આપવાનો નિર્ણય કર્યો છે.

મહિલા સશક્તિકરણની દિશામાં આગળ વધતા શ્રીમતી આનંદીબહેન પટેલે જેન્ડર બજેટનો અભિગમ અપનાવ્યો છે રાજ્યમાં સતત ત્રીજા વર્ષે જેન્ડર બજેટ રજૂ કરવામાં આવ્યું છે. આ વર્ષના જેન્ડર બજેટમાં ૬૧૧ જેટલી મહિલાલક્ષી યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે અને રૂપિયા ૨૦૩૨ કરોડનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. રાજ્યની દીકરીઓને સિવિલ સર્વિસીઝની પરીક્ષા માટે ૯૦,૦૦૦ રૂપિયા સુધીની સહાય પૂરી પાડવામાં આવી રહી છે. સરકારી નોકરીઓમાં મહિલાઓ માટે ૩૩% અનામત જાહેર કરી છે જેના કારણે આ વર્ષે મહિલાઓ માટે ૨૨,૦૦૦ જેટલી રોજગારીની તકો ઉભી થશે.

આપણું ગુજરાત મહિલાઓની સલામતી માટે સમગ્ર દેશમાં જાણીતું છે. તે છબી જળવાઈ રહે અને નવા સમયમાં મહિલા સુરક્ષાને શ્રીમતી આનંદીબહેન પટેલે પ્રાધાન્ય આપ્યું છે. સુરક્ષા સેતુ યોજના હેઠળ પાંચ લાખથી વધુ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી છે. અભયમ્ ૧૮૧ હેલ્પલાઈન દ્વારા મહિલાઓને તકલીફમાં મદદ મળે તેવી વ્યવસ્થા ઉભી કરાઈ છે. આ વર્ષે ૭૫ નવી નારી અદાલતો શરૂ થતાં તમામ તાલુકાઓમાં નારી અદાલતો કાર્યરત થશે. ગુજરાત એક એવું રાજ્ય છે જયાં એસ.આર.પી માં મહિલા બટાલીયન કાર્યરત છે. ગુજરાત રાજ્યમાં ૨૮૦૦ જેટલી મહિલાઓની પોલીસમાં ભરતી કરવામાં આવી છે.

સાચે જ ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં મહિલાઓ સ્વસ્થ, સશક્ત અને સુરક્ષિત બની છે.

